# 2nd India-Australia-Japan- USA Ministerial Meeting

October 06, 2020

## 2જી ભારત-ઓસ્ટ્રેલિયા-જાપાન-યુએસએનાં મંત્રીઓની બેઠક

ઓક્ટોબર 06, 2020

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે 6 ઓક્ટોબર 2020 નાં રોજ ટોક્યોમાં દ્વિતિય ભારત-ઓસ્ટ્રેલિયા-જાપાન-યુએસએની મંત્રીઓની બેઠકમાં ભાગ લીધો હતો. વિદેશ મંત્રીઓએ સપ્ટેમ્બર 2019 માં તેઓની ચર્ચાઓનું અનુસરણ કર્યું હતું અને કોવિજ-19 બાદનાં આંતરરાષ્ટ્રિય ક્રમની ચર્ચા કરી હતી. તેઓએ મહામારીમાંથી ઉદ્ભવી રહેલી નાણાકીય સમસ્યાઓ સહિત પડકારોનાં સંકલિત પ્રતિભાવ માટે; કોવિડ-19 નો મુકાબલો કરવા માટે શ્રેષ્ઠ પ્રથાઓનું આદાન-પ્રદાન કરવાની જરૂરીયાત; પૂરવઠા સાંકળોની સ્થિતિસ્થાપકતા વધારવા; અને સસ્તી રસીઓ, દવાઓ અને તબીબી સાધનોની સુલભતા વધારવા માટે આહ્વાન કર્યું હતું.

વિદેશ મંત્રીઓએ પારસ્પરિક હિતનાં પ્રાંતિય મુદ્દાઓ, અને કનેક્ટિવિટી સંબંધિત મુદ્દાઓ; માનવીય સહાય અને આપત્તિ રાહત; મેરિટાઇમ સુરક્ષા અને સલામતી; આરોગ્ય સુરક્ષા અને આતંકવાદનો સામનો કરવા અંગે દ્રષ્ટિકોણોનું આદાન-પ્રદાન કર્યું હતું. તેઓએ મૂક્ત, ખુલ્લા અને સમાવેશક ઈન્ડો-પેસિફિક જાળવી રાખવાનાં તેઓનાં સંયુક્ત વિઝનની પુનઃપુષ્ટિ કરી હતી. તેઓએ ASEAN કેન્દ્રિયતાને નક્કર સમર્થન આપવાનું પુનઃઉચ્ચારણ કર્યું હતું અને ઈન્ડો-પેસિફિક માટે સામાન્ય વિઝન આત્મસાત કરવા તરફ કાર્ય કરવા તેઓની તત્પરતા પર પ્રકાશ પાડ્યો હતો. આ પરામર્શોનાં મૂલ્યોની પ્રશંસા કરતા, તેઓ નિયમિત રીતે તેઓને યોજવા સંમત થયા હતા.

વિદેશ મંત્રીએ યુએસએનાં સેક્રેટરી ઑફ સ્ટેટ મહામહિમ શ્રી માઇકલ પોમ્પીયો સાથે દ્વિપક્ષીય બેઠક પણ કરી હતી; અને ઓસ્ટ્રેલિયાનાં વિદેશ મંત્રી મહામહિમ શ્રીમતિ મેરિસે પેયને; અને જાપાનનાં વિદેશ મંત્રી મહામહિમ શ્રી તોશિમિત્સુ મોતેગી સાથે બેઠક કરશે. આ બેઠકો સંબંધિત મંત્રીઓને પ્રવર્તમાન દ્વિપક્ષીય સહકારની સમીક્ષા કરવાની અને પ્રાંતિય, વૈશ્વિક અને પારસ્પરિક હિતનાં અન્ય મુદ્દાઓ પર ચર્ચા કરવાની તક પ્રદાન કરશે.

**નવી દિલ્હી**
**ઓક્ટોબર 06, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.